સત્ય મેવ જયતે

રજૂ તારીખ : ૨૯/૦૪/૨૦૨૩

દાખલ તારીખ : ૨૯/૦૪/૨૦૨૩

જજમેન્ટ તારીખ : ૧૮/૦૨/૨૦૨૬

અ વ ધિ : વર્ષ–૦૨ માસ–૦૯ દિવસ–૨૦

**ગાંધીનગરના મહે. સાતમાં એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.કલાસ**

**(શ્રીમતી કે.બી. ધોકિયા) સાહેબની કોર્ટમાં મુ. ગાંધીનગર.**

**ફોજદારી કેસ નં. ૩૨૭૫/૨૦૨૩**
**આંક–**

**શૈલેષ અંબાલાલ પટેલ**
**ઉ.વ.આ. ૫૩, ધંધો–વેપાર,**
**રહે. ૧૦૪૯, કાપડીયા નિવાસ, રામનગર,**
**સાબરમતી અમદાવાદ–૩૮૦૦૦૫. ::::: ફરિયાદી**

**–: વિરૂધ્ધ :–**

**(૧) ચાંકી સીઝલર એ નામની પેઢી.**
**(૨) અભીષેક કમલેશભાઈ જાની**
**ચાંકી સીઝલર એ નામની પેઢીના**
**પ્રોપરાઈટર/ઓથોરાઈઝડ સીગ્નેટરી.**
**ઠે. નારણ પાર્ક સોસાયટી સામે,**
**એચ.એલ. કોલેજ રોડ, નવરંગપુરા,**
**અમદાવાદ–૩૮૦૦૦૯. ::::: આરોપી**

**વિષય : <u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ</u>**

**<u>ફરીયાદપક્ષે વિધ્વાન વ. શ્રી શૈલેષ બી. દવે</u>**

**<u>આરોપીપક્ષે વિધ્વાન વ.શ્રી– હિતેશ બી. પ્રજાપતિ</u>**

## // ચૂ કા દો //

**(૧)..** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી વેપારી વર્ગના ઈસમ અને ઘણા વર્ષોથી તેઓના ધંધામાં પ્રવૃતમય છે. આ કામના તહોમતદાર નં. ૧ ચાંકી સીઝવલ એ નામની પેઢી છે અને તહોમતદાર નં. ૨ તે પેઢીના પ્રોપરાઈટર/ઓથોરાઈઝડ સીગ્નેટરી છે.

આ કામના તહોમતદાર નં.ર નાઓ ફરીયાદીના મિત્ર વિશાલભાઈ જગદીશભાઈ વકીલ ના સાઢુભાઈ થાય છે અને ઘણા વષીથી આ કામના તહોમતદારના સાઢુભાઈ સાથે ફરીયાદીને મિત્રતા રહેલી છે અને સદર મિત્રતાના નાતે આ કામના તહોમતદારે પણ ફરીયાદી સાથે મિત્રતાના સંબંધો સ્થાપિત કરેલા અને તે સંબંધને નાતે આ કામના તહોમતદારના ધંધાના વિકાસ સારુ એટલે કે આ કામના તહોમતદાર નં.૧ ચાંકી સીઝલર એ નામથી પેઢીના વિકાસ અને ડેવલોપમેન્ટ માટે થોડોક સમય માટે નાણાની જરુરીયાત હોવાનુ જણાવેલ.

તહોમતદાર નં.ર નાઓએ તા.૨૩/૧૨/૨૦૧૯ ના રોજ ફરીયાદી પાસે તેઓની નં.૧ પેઢીના ધંધાના હેતુસર નાણાકીય માંગણી કરેલ તે સંદર્ભે તહોમતદાર નં.ર ફરીયાદી પાસે રૂ.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) રોકડા હાથઉછીના પેટે થોડો સમય માટે માંગેલ

જે બાબતે ફરીયાદીએ તહોમતદાર નં.૨ નાઓને એક અઠવાડિયા જેટલો સમય બાદ નાણાકીય વ્યવસ્થા થઈ જશે ત્યારે જણાવશે તેવુ જણાવેલ.

ત્યારબાદ તા.૩/૧/૨૦૨૦ ના રોજ તહોમતદાર નં.૨ ની જરૂરીયાત મુજબના નાણા એટલે કે રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) ની ખુબ જ જરૂરીયાત હોવાનુ તહોમતદાર નં.૨ નાએ જણાવતા ફરીયાદીએ તા. ૩/૧ /૨૦૨૦ ના રોજ તેઓના ભાઈ વિપુલભાઈ તથા તેમની પત્નીની હાજરીમાં તહોમતદાર નં.૨ નાઓને તેઓની માંગણી મુજબના હાથ ઉછીના નાણા રૂ. ૧ ૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ લાખ પુરા) રોકડા ચુકવી આપેલ અને તે સમયે તહોમતદારે સદર નાણા ફરીયાદીને છ માસમા પરત ચુકવી આપવાની ખાતરી અને ભરોસો આપેલ. તેઓએ જણાવે છે કે, તે સમયે તહોમતદાર નં.૨ નાઓએ ફરીયાદીને તેઓની એકસીસ બેંક લી. ડ્રાઈવઈન શાખા અમદાવાદ ખાતેનો ચેક નં.૧૦૯૧૪૫ સહી કરીને આપેલ અને એવુ જણાવેલ કે, તહોમતદાર નં.૨ નાઓ જયારે જણાવે ત્યારે સદર ચેક ફરીયાદી તેઓની બેંકમાં ભરીશુ ત્યારે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) ફરીયાદીના ખાતામાં ચોકકસ મળી જશે.

તહોમતદાર નં.૨ ઓએ ટુંક સમય માટે ફરીયાદી પાસેથી હાથઉછીના રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) રોકડા મેળવેલા તે સંદર્ભે ફરીયાદીએ જુન -૨૦૨૦ ના અરસામાં માંગણી કરતા તહોમતદાર નં.૨ નાઓએ કોરોના કાળની મહામારી તથા રેસ્ટોરન્ટના ધંધા બંધ હોઈ તહોમતદારે સદર ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટેનો ચેક જે ઈસ્યુ કરેલ તે બેંકમા ન ભરવા તાકીદ કરેલ અને તહોમતદારે જણાવેલ કે કોરોના કાળની મહામારીમાંથી રેસ્ટોરન્ટના ધંધો શરુ થાય ત્યારે સદર હું રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અં

કે રૂપિયા દસ લાખ પુરા) નો ચેક ફરીયાદી તેઓની બેકમા ભરીશુ તો સદર નાણા ચોકકસ પરત મળી જશે તેવી ખાતરી અને ભરોસો આપેલ અને ફરીયાદીએ તહોમતદાર સાથેના તેઓના સંબંધો હોઈ અને કોરોના કાળની પરિસ્થિતિ ધ્યાને લેતા તહોમતદારની વિનંતી મુજબ સદર ચેક જુન ૨૦૨૦ માં તેઓના ખાતામાં ભરેલ નહી.

કોરોનાની મહામારીની બીજી વેવ પતી ગયા બાદ તેમજ શહેરમાં રેસ્ટોરન્ટોનો ધંધો ચાલુ થયેલો તેમજ તહોમતદારનો ધંધો અગાઉની જેમ પુરજોસમાં ચાલતો રહેલો તે દરમ્યાન ફરીયાદીએ સદરહું તેઓની કાયદેસરની લેણી રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) બાબતે તહોમતદારને તાકીદ કરતા તહોમતદારે સદર ચેક કે જે તહોમતદારે ફરીયાદીને એકસીસ બેંક લી. ડ્રાઈવઈન શાખા અમદાવાદ ખાતેનો ચેક નં.૧૦૯૧૪૫ સહી કરીને આપેલ તે ફરીયાદીએ તેઓની બેંકમાં ભરશે ત્યારે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂ. ૧ ૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) ફરીયાદીના ખાતામાં ચોકકસ મળી જશે તેવી ખાતરી અને ભરોસો આપતા ફરીયાદીને તહોમતદારે આપેલ ચેક કે જે એકસીસ બેંક લી. ડ્રાઈવઈન શાખા અમદાવાદ ખાતેનો ચેક નં. ૧૦૯૧૪૫, રૂ. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) નો તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ ફરીયાદીએ તેઓની બેંક ઓફ બરોડા મોટેરા શાખા, અમદાવાદના ખાતા નં. ૩૦૯૩૦૧૦૦૦૦૧૫૧૯ માં તા. ૧૮/૦૧/૨૦૨૨ ના રોજ ડીપોઝીટ કરેલ જે '' **એકાઉન્ટ કલોઝ**'' ના શેરાથી પરત આવેલ છે જે અં ગે ફરીયાદીએ તહોમતદારે કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવેલ ચેક પરત ફરતા તેઓનો સંપર્ક કરેલ અને તેઓને સદર પરત થયેલ ચેક અંગેની હકીકત જણાવેલ પરંતુ આ કામના તહોમતદારે કોઈ પ્રત્યુતર આપેલ નહી. આમ,

તહોમતદારની ફરીયાદીના પૈસા ડુબાડવાની બદદાનત સ્પષ્ટ જણાઈ આવેલ. આ સંજોગોમાં આ કામના તહોમતદારોએ ઈસ્યુ કરેલ ચેક કલીયર નહી કરાવી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ડુબાડવાનો બદઈરાદો ધરાવે છે અને આમ કરી તેઓની સાથે વિશ્વાસઘાત તથા છેતરપીડી પણ કરેલ છે. સદર પરત ફરેલ ચેક તથા તે ચેક રીટર્ન થયા અંગેનો મેમો તેઓએ આ સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં સામેલ કરેલ છે.

આમ, ફરીયાદીને આ કામના તહોમતદાર પાસેથી કાયદેસરની લેણી રકમ પેટે ઈસ્યુ કરેલ ચેકની રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) થાય છે જે ચેક ઈસ્યુ કરેલ તે ચેક આ કામના તહોમતદારની ચુક અને કસુરને કારણે પરત આવેલ છે.

ફરીયાદીએ આ કામના તહોમતદારને એડવોકેટ મારફતે તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની જોગવાઈ અનુસાર સ્ટેચ્યુટરી નોટીસ આ કામના તહોમતદારને પાઠવેલ સદર નોટીસ આ કામના તહોમતદારને બજી ગયેલ છે અને તે અંગેના પોસ્ટ ખાતાની તહોમતદારોને બજયા અંગેની એકનોલેજમેન્ટ પરત આવેલ છે જે આ સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી તા. ૨૮/૦૧/૨૦૨૨ ના રોજની નોટીસ તથા નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટ ખાતાની રીસીપ્ટ તથા તે બજયા અંગેની એકનોલેજમેન્ટ આ સાથે રજુ કરેલ છે આ કામના તહોમતદારોએ સદર હુ નોટીસમાં જણાવેલ તથા સ્ટેચ્યુટરી સમય દરમ્યાન ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી તેમજ તેઓની નોટીસ વિરુધ્ધ કોઈ પણ જાતનો જવાબ રજુ કરેલ નથી અને તેઓની નોટીસ એકનોલેજ કરીને નોટીસ મુજબની તેઓની કાયદેસરની કોઈ લેણી રકમ ચુકવી આપેલ નથી આથી આ કામના તહોમતદારનો કોઈ ઈરાદો

તેઓની કાયદેસરની લેણી રકમ ચુકવી આપવાનો ઈરાદો જણાઈ આવતો નથી. આ સંજોગોમાં ફરીયાદીને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મજકુર ફરીયાદ કરવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે.

(૨).. ફરીયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકત વાળી, ફરીયાદ રજુ કરતાં તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા ફરીયાદીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ અન્વયેનું સોગંદ ઉપર વેરીફીકેશન નોંધી, ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩)..સદરહુ ફરીયાદનુ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો આંક–૦૯ થી જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪).. આરોપી સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે, નિચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**::: મૌખિક પુરાવો :::**

| અ.નં. | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી શૈલેષ અંબાલાલ પટેલનુ સોગંદનામું. | ૦૧ |

**::: દસ્તાવેજી પૂરાવો :::**

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીના ફોટોઆઈ.ડી.પ્રકુની ટુકોપી. | ૧૬ |
| ૨. | આ કામના તહોમતદારે ફરીયાદીને આપેલ એકસીસ બેંક લી. ડ્રાઈવઈન શાખા અમદાવાદ ખાતેનો ચેક નં. ૧૦૯૧૪૫, રૂા. ૧ ૦,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ લાખ પુરા) નો ચેક અસલ. | ૧૭ |
| ૩. | અનું.નં.૨ વાળો ચેક રીટર્ન થયા અંગેનો બેંક મેમો અસલ. | ૧૮ |
| ૪. | તહોમતદારનો ચેક પરત થયા બાદ તેઓ ફરીયાદીએ એડવોકેટ મારફતે તહોમતદારનં. ૧ તથા ૨ નાઓને આપેલ લીગલ નોટીસની ઓફીસ કોપી. | ૧૯ |
| ૫. | અનુ. નં. ૪ વાળી નોટીસ આ કામના તહોમતદારને મોકલ્યા અં ગેની પોસ્ટ ખાતાની રીસીપ્ટ અસલ. | ૨૦ |
| ૬. | અનુ.નં.૪ વાળી નોટીસ આ કામના તહોમતદારને ત્યાં બજયા અં ગેના પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ અસલ. | ૨૧ |
| ૭. | ફરીયાદીના બેંક ઓફ બરોડા મોટેરા શાખાના એકાઉન્ટ સંદર્ભેની પાસબુકની ઝેરોક્ષ. | ૨૨ |

સદરહુ ફરીયાદના કામે ફરીયાદીની ઉલટતપાસ માટે આરોપીને પુરતી તક આપવા છતાં આરોપીએ કે તેમના વિ.વ.શ્રીએ હાજર રહી ઉલટતપાસ કરેલ નથી અને ત્યારબાદ ફરીયાદીની રજુઆત મુજબ આંક–૧૩ થી ફરીયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરાયેલ છે ત્યારબાદ સદરહુ ફરીયાદના કામે આરોપીના એફ.એસ. ઉપર આવતા આરોપી હાજર રહેલ ન હોય ફરીયાદપક્ષ તરફે આંક–૨૩ થી આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરતી અરજી આપતા અત્રેની કોર્ટ દવારા હુકમ કરી આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરતો હુકમ કરેલ છે.

(૫)..સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદીના વિધ્વાન વકીલ શ્રીએ પોતાની મૌખીક દલીલોમાં આંક–૦૧ લગત ફરીયાદ તેમજ પુરાવાના કામે રજુ રાખેલ સોગંદનામા મુજબની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે જો ખરેખર આરોપીએ વાદગ્રસ્ત ચેક લેણા પેટે આપેલ ન હોય તો આરોપી જાતે હાજર રહીને પોતાનો બચાવ જાતે અથવા તો વકીલ મારફત કરે પરંતુ હાલના કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી ઘણી મુદતો સુધી હાજર રહેલ નથી અને નામદાર કોર્ટના સમયને વેડફેલ છે. ફરીયાદીના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનુ આરોપીપક્ષ દવારા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ રાખેલ ન હોય જેથી આરોપી સામેનો ફરીયાદપક્ષે કેસ પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં નીયત કરેલ મહતમ સજા કરવા તેમજ ચેક મુજબની રકમનો દંડ તેમજ ચેક મુજબની રકમ વળતર તરીકે અપાવવા અરજ કરેલ છે.

હાલના કામે આરોપી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોય જેથી તેઓનો દલીલોનો હકક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે.

**(૬).** ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ તથા બંને પક્ષકારોની દલીલો ઘ્યાને લેતા સદરહુ ફરીયાદના ન્યાય નિર્ણય માટે નિચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:–

**:::–– મુદ્દાઓ ––:::**

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧) હકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

(૮).. ઉપરોકત તારણો નીચે જણાવેલ કારણો આધારીત છે.

**::કારણો::**

સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

➢ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો :–**

૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪) તે ચેક આરોપીના ખાતામાં '' **એકાઉન્ટ કલોઝડ** '' કારણે પરત ફરેલ છે.

૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

➢ **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ઘ્યાને લઈએ તો :–</u>**

**કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત....**

એથી વિરૂઘ્ઘનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

**ખ) <u>તારીખ વિશે :–</u>**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

**ગ) <u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

**ઘ) <u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**ચ) <u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**જ) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

➢ **<u>કલમ–૧૩૮ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>**

વિરૂઘ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો

કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૯).. સદરહુ કેસમાં આંક–૦૧ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો લેખીત પુરાવો રજુ કરેલ છે. આ કામની ફરીયાદવાળો ચેક આરોપીની સહીવાળો હોવાની ફરીયાદીની રજુઆત છે અને આ સહી આરોપીની ન હોય તે બાબતનો આરોપી તરફે ઈન્કાર કરવામા આવેલ નથી. સદર કામનો આંક–૦૧ મુજબનો ફરીયાદીનો લેખીત પુરાવો ધ્યાને લેતા તથા ફરીયાદવાળો આંક–૧૭ વાળા ચેક અંગેનો આરોપીની બેન્કનો આંક–૧૮ વાળા રીર્ટન મેમો ધ્યાને લેતા આંક–૧૭ વાળો ચેક '' **એકાઉન્ટ કલોઝડ** '' ના શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો આંક–૧૭ વાળા ચેક રીર્ટન આવ્યા બાબતનો '' **એકાઉન્ટ કલોઝડ** '' નો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળો આંક–૧૭ વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે હકીકત બીનવિવાદીત હોવાનુ ફલિત થાય છે. વધુમા હાલના કામે રજુ સદરહુ ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો હોવાનુ રેકર્ડ પર ફલીત થાય છે. અને ફરીયાદના કામમાં ફરીયાદીનો આંક–૦૪ નો લેખીત પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતાં અને ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરીયાદપક્ષ ફરીયાદવાળો આંક–૧૭ વાળો ચેક બાબતે એકઝીકયુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોકત જણાવેલ ***મંગુભાઈ મનસુખરામ પંડયા વિરૂઘ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(૨) જી.એલ.એચ.–૬૫)*** ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમીક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવે છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

**(૧૦)..** સદરહુ ફરીયાદના માં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદના કામમાં બંને પક્ષકારો દવારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપી પક્ષ તેઓના બચાવ આધારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં?

**(૧૧)..** આ મુદ્દાઓનો ન્યાયીક નીર્ણય લેવા માટે નામદાર વડી અદાલત અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેવા જરૂરી બને છે.

**(૧૧.૧) In the matter between M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH page No.365,** Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden

to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

**In the matter between Mangubhai Mansukhram pandya V/s Pranjivan Tribovandas purohit, reported in 1991(2) GLH page no.65** Hon'ble Gujrat High Court has held that, Section-118 of the N.I.Act raises a statutory presumption that,

– There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.

– Onus of proof that there was no consideration is on the defendant.

– Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

**(૧૧.૨) નામદાર સુપ્રિમ કોર્ટે ભારત બેરલ એન્ડ ડમ મેન્યુફેકચરીંગ કંપની વિરૂઘ્ઘ અમીનચંદ પ્યારેલાલ, ૧૯૯૯ (૩) એ.સી.સી.૩૫** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence.

Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would,under the circumstances of the case, act upon the plea it did not exist."

આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટે કે.એન. બીના વિરૂધ્ધ મુનીયપ્પન, ૨૦૦૧ એ.આઈ.આર. સુપ્રિમ કોર્ટ ૨૮૯૫ તથા હીતેન પી. દલાલ વિરૂધ્ધ બ્રટીન્દ્રનાથ, ૨૦૦૧(૬) એસ.સી.સી.–૧૬** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper. આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિશ્ના જનાર્દન ભાટ્ટ વિરૂધ્ધ દત્તાત્રેય જી. હેંગડે (૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૧૧૭૨), કે. પ્રકાશન વિરૂધ્ધ પી.કે. સુરેન્દરન (૨૦૦૮(૧) એસ.સી.સી. (ક્રાઈમ્સ) ૨૦૦) તથા રંગપ્પા વિરૂધ્ધ મોહન (એ. આઈ. આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૧૮૯૮)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**(૧૨)..** હાલના કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદા નં.–૧ ના ન્યાય નિર્ણય માટે કરતાં નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

**(૧૩)..** આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે કાયદાકીય દૃષ્ટિથી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ તો, આ કામે ફરીયાદીની ફરીયાદ અને સરતપાસ ધ્યાને લઈએ તો, આ કામની ફરીયાદી દવારા આરોપીને દેવુ થઈ ગયેલ તે રકમ ચુકવણી કરવા માટે હાથ ઉછીની રકમ આપેલ તે મિત્રતાના સબંધના કારણે અંગત બચતમાંથી આપેલ અને છ માસમાં આરોપીએ ફરીયાદીને પરત ચુકવવા વાયદો કરેલ જે આધારે કાયદેસરની બાકી લ ેણી રકમ પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે જે બેંકમાં રજુ થતા પાછો ફરેલ છે. ફરીયાદી ધ્વારા હાલના કામે આરોપીને જે સરનામે નોટીસ મોકલવાવેલ

છે તે સરનામુ ખોટુ હોય તેવી પણ આરોપીની તકરાર ન હોય અને આ સંજોગોમા ફરીયાદીએ રજુ કરેલ પોસ્ટલ સ્લીપ અને ટ્રેક રીપોર્ટ મુજબ આરોપીને નોટીસ મળી ગએલ હોવાનુ માનવાને કારણ રહે છે તેમ અમારુ માનવુ છે અને તે મુજબ નોટીસની આરોપીને જાણ હોવા છતા ચેકની લેણી રકમ ચુકવી ન આપતા હાલની ફરીયાદ કરેલ છે તેમ માનવાને કારણ છે.

**(૧૪)..** સદરહુ ફરીયાદના કામે આરોપી તરફે ફરીયાદીની આંક–૦૧ ની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે પરંતુ હાલના કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ન રહેતા તેમજ ફરીયાદપક્ષ તરફે આંક–૨૬ થી આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરતી અરજી આપતા અત્રેની કોર્ટ દવારા આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ આરોપી સમન્સ કે વોરંટ કરવા છતા પણ હાજર ન રહેતા તેમજ ફરીયાદપક્ષ તરફે આંક–૨૭ થી એફ.એસ.નો હકક બંધ કરતી અરજી આપતા અત્રેની કોર્ટ દવારા આરોપીનો એફ.એસ.નો હકક પણ અત્રેની કોર્ટ દવારા બંધ કરેલ છે.

આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે. હાલના કામે ફરીયાદીએ રેકર્ડ ઉપર આંક–૦૧ થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી ફરીયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે તેમજ આંક–૧૭ થી વાદગ્રસ્ત ચેક રજુ

રાખેલ છે અને જે પરત આવ્યા બાબતનો રીટર્ન મેમો આંક–૧૮થી રજુ રાખેલ છે. સદરહુ ચેક રીટર્ન થતા આંક–૧૯ વાળી નોટીસ ફરીયાદીએ આરોપીને આર.પી.એ.ડી ની સ્લીપ મોકલેલ છે અને જે નોટીસ આરોપીને બજી ગયેલ છે . આમ, આરોપીને નોટીસની જાણ હોવા છતાં પણ આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. વધુમાં, વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી. આરોપીએ હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી જેથી ફરીયાદપક્ષ દવારા આરોપીને હાથ ઉછીની રકમ આપેલ જે ભરપાઈ પેટે હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોય તે સ્વાભાવીક માની શકાય તેવી હકીકત છે જેથી હાલના કામેનો વાદગ્રસ્ત ચેક તે ફરીયાદીને તેમની લેણી રકમની ભરપાઈ કરવા આપેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય છે. પરંતુ આરોપીએ પોતે કોઈ હાથ ઉછીની રકમ લીધેલ ન હોવાનો કે વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીધેલ નથી કે આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી આધાર હાલના કામે રજુ રાખેલ નથી. વધુમાં જો ખરેખર આરોપીએ ફરીયાદીની રકમ ચુકવેલ હોય તો જયારે હાલના કામેની આંક–૧૯ વાળી નોટીસ આરોપીને બજેલ ત્યારે નોટીસનો જવાબ આપી અથવા અત્રેની કોર્ટમાં હાજર થયેલ ત્યારે પૈસાની રકમ ચુકવી આપેલ હોવા અંગેનો બચાવ લઈ શકે પરંતુ આરોપી દવારા તેઓને નોટીસનો કોઈ જવાબ આપી કે કોર્ટમાં હાજર થયેલ ત્યારે રકમ ચુકવી આપેલ છે તેવો પોતાનો બચાવ રજુ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનો કે ચેકમાં પોતાની સહી ન હોવા અં

ગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. આમ, ફરીયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનુ ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સેકશન – ૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહિ કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખં ડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનુ જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે.

વધુમાં,આરોપી વિશેષ નિવેદન માટે હાજર રહેલ નથી, આરોપી જાતે કે વકીલશ્રી મારફતે તેઓના પુરાવા માટે કે દલીલના તબકકે હાજર રહેલ નથી જ કારણસર આરોપી ધ્વારા ગેરહાજરી અંગે કોઈ હકીકત જણાવેલ ના હોય કે ગેરહાજર રહેવા માટેના કોઈ પુરાવા રજુ કરેલ ના હોય તેથી આરોપી કેસની કાર્યવાહી વિલંબીત કરવાના ઈરાદા માત્રથી ગેરહાજર રહેલ છે તેવુ રેકડ જોતા માનવાને પુરતો અને વ્યાજબી કારણ છે.

આ તબકકે ૧૯૯૬(૨) જી.એલ.એચ ૫૭૪ ગુજરાત રાજય વિરુધ્ધ નારુભાઈ અમરાભાઈ ચુનારા ના ચુકાદામાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ અવલોકન વં ચાણે લેવુ હીતાવહ છે જેમા ના.હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે,

“(4) Now, ordinarily, a matter cannot be said to be ready to be placed on the final hearing board till the date concerned accused against whom it is admitted is duly served and appears before the COurt either personally or through his learned advocate, To this ordinary practice, one just and legal exception is carved out where the respondent when found to be absconding, and ultimately declared to be so by this Court there is indeed no question of serving any other notice upon him and matter can be said to be or deemed to be ready for all purposes. When accused is one breath with manifest intention avoids service of notice upon him and successfully manages to do so, he in his second breath cannot be subsequently permitted to say that the appeal against him cannot be heard in his absence when he was not duly served. No person can be permitted to earn the benefit out of hos double standards – own wrong. In fact, under such circumstances not to enlist this appeal on the final board, would be to indirectly play in the hands of some tricky, scheming, mischievous respondent – accused who is always and quite obvious and out and out interested in seeing that the matter does not reach final hearing and thereby successfully avoid final judgment for quite some indefinite time passed against him

apprehending that acquittal order if quashed ans set-aside, he would be at once convicted and sentenced for the alleged offences and accordingly forwarded to jail to serve out the improsonment. Such deliberately created mischievous situationg where in accused illegally has the upper-hand is simply not permissible and cannot countenanced that lightly. The principle of hearing the accused before any order of conviction and sentence is recorded against him cannot be permitted to be abused ans stretched to such an illegal and absurd extent where he can bring the administration of justice to the griding halt at his whims and caprice avoiding the notice to be served upon him keeping the Court at a safe distance, ultimately taking advantage of his own illegal abscinsion."

ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે પોતાના ખોટા કૃત્યનો લાભ આરોપીને મળી શકે નહી.પ્રસ્તુત કેસમાં ઉપરોકત ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંત લાગુ પડે છે.આરોપી વિરુધ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હાનુ તહોમત છે.નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતો ધ્વારા અનેક ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ છે કે ધી નેગો ઈન્સ્ટ્રુ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાના પાત્રના ગુન્હાના કેસની કાર્યવાહીમાં આરોપીની ગેરહાજરીમાં પણ કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય છે તેમજ આ કાયદો મુખ્યત્વે આર્થીક વ્યવહારો અંગેની શાખ જળવાઈ રહે તે હેતુથી ઘડવામાં આવેલો છે અને તેમાં શિક્ષાત્મક જોગવાઈ રાખવામાં આવેલ છે.વધુમાં

*આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતના સરદ જેઠાલાલ સાવલા વિ ગુજરાત રાજય,૨૦૧૭ (૩)જી.એલ.એચ ૧૪૬ ના ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ ની કલમ ૩૫૩ (૭) ની જોગવાઈ મુજબ આરોપીની ગેરહાજરીના કારણ માત્રથી ચુકાદો ગેરકાયદેસર થઈ જતો નથી અને આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ ની કલમ ૪૧૮(૨) અન્વયે આરોપી વિરુઘ્ધ સજાના હુકમ ની અમલવારી માટે કોર્ટ વોરન્ટ ઈશ્યુ કરી શકે છે.આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ કાયદાનો હેતુ તેમજ ચુકાદાથી સ્થાપિત સિઘ્ઘાત લક્ષમાં લેતા,આ કેસમાં આરોપીની ગેરહાજરી કેસની ન્યાયીક કાર્યવાહી અટકાવવા માટેનુ કોઈ કારણ નથી.*

**(૧૫)..** આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાનમાં લેતા ફરીયાદવાળો ચેક જે તે વખતે આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે. આ ચેક નિયત સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વીકારાયે પરત ફરતા ફરીયાદીએ આરોપીને પોષ્ટ મારફતે કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલેલ જે આરોપીને બજી ગએલ હોવાનુ માનવામા આવેલ છે. આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ નથી તે કારણે હાલની ફરીયાદ કરવાનું કારણ ઉત્પન્ન થતા કાયદાની નિયત સમય મર્યાદામાં લેખીતમાં ફરીયાદ કરવામાં આવેલ તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થાય છે. વધુમાં આરોપીએ ચેક તેને વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજુ થયેલ ન હતો તેવુ બચાવમાં આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ પ્રસ્તૃત કેસમાં ફરીયાદી જયારે પોતાનો કેસ સાબીત કરવામાં સફળ રહેલા છે અને આરોપી ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા

ઉપસ્થિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે એ હકીકત પણ આરોપીને કાયદામાં ફરમાવેલ સજા સંદર્ભે કેટલી સજા કરવી જોઈએ તેના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેનો સં બંધ, ફરીયાદવાળા વ્યવહારનો સ્વરૂપ ઘ્યાનમાં લેતા તેમજ પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો ઘ્યાને લેતા આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી મુદ્દા નં. ૧ નો નીર્ણય ''**હકાર**'' માં આપવામાં આવે છે.

**(૧૬)..** ઉપર મુદ્દા નં. ૧ માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવું છું અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

**તારીખ –૧૮/૦૨/૨૦૨૬** **(શ્રીમતી કે.બી. ઘોકિયા)**
**મુકામ: ગાંધીનગર.** **સાતમા એડી.જયુડી.મેજી.ફ.કલાસ**
**ગાંધીનગર.**
**યુનિક આઈ.ડી.નં. GJ01703**

**સજા બાબતે સાંભળ્યા.**

હાલના કામે ફરીયાદી હાજર છે. ફરીયાદીના વિ.વ.શ્રી હાજર છે. આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. ફરીયાદીના વિધ્વાન વકીલ શ્રીને સાંભળ્યા.

(૧૭).. ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. વિ.વ.શ્રીએ જણાવેલ છે કે આરોપીએ ફરીયાદી ધ્વારા રાખવામા આવેલ વિશ્વાસનો ભંગ કરી હાથ ઉછીના નાણાં લઈ તે નાણા આપવામા ખુબ જ માનસિક ત્રાસ ફરીયાદીને આપેલ છે અને તેથી આરોપીને ચેકની બમણી રકમના દંડની સજા અને મહત્તમ સજા કરવી જોઈએ. વધુમા આરોપી જાણીબુજી કોર્ટ કાર્યવાહીમાં હાજર રહેલ નથી તે જોતાં આરોપી કાયદાને માન આપનાર ન હોય તે બાબત પણ સજા કરતી સમયે ધ્યાને લેવા રજુઆત કરેલ છે. વધુમા જણાવેલ છે કે ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે તેથી સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે.

(૧૮).. આ અદાલતમાં આરોપી તરફે હાજર રહી તેઓની સજા અંગે કોઈ રજુઆત કરેલ નથી. હાલના સમયમા રકમ પરત આપવાના બહાને ચેક આપવાની અને આવા ચેકો વગર સ્વીકારાયે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત બની રહી છે. વધુમા આવા ગુન્હાઓ દિનપ્રતીદીન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડીઅદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લ ેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે.

આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી માલસામાન મેળવી, તેના બીલની રકમ ચુકવવા તેમની સહીવાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક '' **એકાઉન્ટ કલોઝડ** '' ના શેરાથી વગર સ્વીકારયે પરત ફરેલ છે.

કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનું બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

(૧૯).. હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યકિત છે. આરોપીએ પ્લી રેકર્ડ કર્યા બાદ તેઓને ટ્રાયલ અંગે જાણકારી હોવા છતાં તેઓ અને તેમના વિ.વ.શ્રી કાયદાકીય જોગવાઈઓ હોવા છતાં હાજર રહેલ નથી અને માત્ર કામ લંબાવવાના ઈરાદે જ ટ્રાયલમા હાજર રહેલ ન હોય તે બાબત આરોપીની વર્તણુંક આધારે ફલિત થાય છે. આરોપીએ તેઓને નોટીસ બજયા બાદ પણ રકમ આપેલ નથી અને આમ આરોપીની દાનત, રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે.

તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ ૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

**[138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any

amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:***

**(૨૦)..** ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીયા**વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમા, **નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરૂધ્ધ એમ. મેશન, ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પાના નંબર – ૧૭૦૩** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા **આંક–૧૭** વાળો ચેક

આપેલ હોવાની ફલીત થતી હકીકત ઘ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી. મહેતા વિરૂઘ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ઘ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) ની જોગવાઈ ઘ્યાને લઈને આ અદાલત મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ''**આખરી હુકમ**'' કરે છે.

## *–:: આ ખ રી હુ ક મ ::–*

**(૧)..** ફોજદારી કેસ નંબર: ૩૨૭૫/૨૦૨૩ ના કામના આરોપી નં. (૨) અભીષેક કમલેશભાઈ જાની તે ચાંકી સીઝલર એ નામની પેઢીના પ્રોપરાઈટર/ઓથોરાઈઝડ સીગ્નેટરી. ઠે. નારણપાર્ક સોસાયટી સામે, એચ.એલ. કોલેજ રોડ, નવરંગપુરા,અમદાવાદ–૩૮૦૦૦૯ ઓને **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮** મુજબન સજાને પાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને ૨(બે) વર્ષ ની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે. આરોપીને સદર કામના ચેકની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પુરા)નો દંડ કરવામા આવે છે. આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી.ની કલમ ૩૫૩(૭) મુજબ હુકમ જાહેર કરવામાં આવે છે.

**(૨)..** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતરપેટે ચેકની રકમ આરોપીએ એક માસમા ચુકવી આપવી અને જો આરોપી

વળતરની રકમ આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ બે માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩)..આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, **સી.આર.પી.સી.ની કલમ–૪૨૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૪)..સદર કામના આરોપી ચુકાદા સમયે હાજર રહેલ ન હોય તેઓ ના. સુપ્રીમકોર્ટના રાજેશ પોન્નડાના ચુકાદા મુજબ વિનામુલ્યે નકલ મેળવવા હકદાર રહેતા ન હોવાનુ ઠરાવવામા આવે છે.

(૫).. સદર કામના દોષિત સામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૧૮(૨) મુજબનુ સજા વોરંટ બજવણી અર્થે પોલીસ કમીશ્નરશ્રી,અમદાવાદ શહેર તરફ મોકલી આપવુ. પોલીસ કમીશ્નરશ્રી,અમદાવાદ શહેરનાઓએ સજા વોરંટની અમલવારી કરવા પુરતી તકેદારી રાખવી તેમ સુચિત કરવામા આવે છે.

સદરહુ ચુકાદો આજરોજ તારીખ : ૧૮મી, માહે : ફેબ્રુઆરી, સને : ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ –૧૮/૦૨/૨૦૨૬**
**મુકામ: ગાંધીનગર.**

**(શ્રીમતી કે.બી. ધોકિયા)**
**સાતમા એડી.જ્યુડી.મેજી.ફ.કલાસ**
**ગાંધીનગર.**
**યુનિક આઈ.ડી.નં. GJ01703**